ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# જામનગરના બ્રાસપાર્ટસ ઉદ્યોગનો પરિચય

ઝાપડિયા હરદિપ એ.
(M.A., M.Phil, GSET)

## સારાંશ :-

ઉદ્યોગ એ દેશના વિકાસમાં ખુબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ભારતમાં મુખ્યત્વે બ્રાસપાર્ટ ઉદ્યોગ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં સ્થપાયેલ જોવા મળે છે. તેમાંથી ગુજરાતનો બ્રાસપાર્ટ ઉદ્યોગ સમગ્ર દેશની ૭૦% બ્રાસપાર્ટની માંગ સંતોષે છે. ગુજરાતમાં મુખ્યત્વે જામનગર જિલ્લામાં બ્રાસપાર્ટ ઉદ્યોગનો વિકાસ ખુબ જ મોટા પાયે થયેલ છે. જેમાં મુખ્યત્વે બિલ્ડિંગ હાર્ડવેર, સેનેટરી અને બાથરૂમ ફિટિંગ્સ, ઇલેક્ટ્રોનીક્સ અને ઈલેક્ટ્રીકલ એસેસરીઝ, ઓટોમોબાઇલ અને સાયકલ ટ્યુબ વાલ્વ, કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા સાધનો માટેનાં પાર્ટસ, બ્રાસ જ્વેલરી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

**મહત્વના શબ્દો** :- બ્રાસપાર્ટ્સ, કાસ્ટિંગ, પ્લેટિંગ.

## પ્રસ્તાવના :-

ઉદ્યોગોનાં વિકાસમાં બ્રાસપાર્ટ ઉદ્યોગ એ ખુબ જ ઝડપી વિકાસ પામતો ઉદ્યોગ છે. બ્રાસપાર્ટ એટલે પિત્તળમાંથી બનાવવામાં આવતા જુદા-જુદા સ્પેરપાર્ટ. જેમાં સ્ટોપર, ડોર અને વિન્ડો હેંગ, સોકેટપીન, બેટરી ટર્મિનલ, કેબલ ગ્લાન્ડ, ઓટોમોબાઈલ, સાયકલ ટ્યૂબવાલ્વ વગેરેનો સમાવેશ થાય છે. આથી બ્રાસપાર્ટ ઉદ્યોગએ વિકાસના પાયાનાં ઉદ્યોગોમાનો એક છે. ભારતમાં મુખ્યત્વે બ્રાસપાર્ટ ઉદ્યોગ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં સ્થપાયેલ જોવા મળે છે.

## સંશોધનનાં હેતુઓ :-

૧. બ્રાસપાર્ટ્સ ઉદ્યોગનો પરિચય મેળવવો

૨. બ્રાસપાર્ટસની ઉત્પાદન પ્રક્રિયાનો અભ્યાસ કરવો.

## સંશોધન પધ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન પેપરમાં વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ તથા ગૌણ માહિતીનો ઉપયોગમાં કરવામાં આવ્યો છે.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા :-

(૧) Dr. Darshna H. Pandya, Dr. Javed Ghumra (August-2016)

Effect of factory work on health of workers in brass industry નામના પ્રોજેક્ટમાં સંશોધકે બ્રાસ ઉદ્યોગમાં ફેક્ટરી કાર્યની કામદારોના આરોગ્ય પર અસર અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. જેમાં જામનગરમાં બ્રાસ ઉદ્યોગના વિવિધ વિભાગમાં કામ કરતા કામદારોની આરોગ્યની સ્થિતિનો અભ્યાસ કરવો એ હેતુ રહેલ છે. પ્રસ્તુત સંશોધનમાં નમુના તરીકે બ્રાસ ઉદ્યોગમાં કામ કરતા કારીગરોમાંથી એક વર્ષ કરતા વધારે સમય કારખાનામાં કામ કરતા અને તેમની ઉંમર, જાતિ, અને ધર્મને ધ્યાનમાં લીધા વગર સર્વે અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

(૨) Prof. Sandip P. Solanki (2010)


Impact of globalization on the Jamnagar brass parts industryનામના સંશોધન પેપરમાં સંશોધકે વૈશ્વિકીકરણની જામનગરના બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગ પર અસરની વિગતે ચર્ચા કરેલ છે. જેમાં મુખ્યત્વે જામનગરના બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગ પર વૈશ્વિકીકરણની અસરોનો અભ્યાસ કરવો અને વૈશ્વિકીકરણના યુગમાં જામનગરના બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગોની હરીફાઈનો અભ્યાસ કરવો એ હેતુ રહેલ હતા.

## જામનગરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગની શરૂઆત :-

જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગની શરૂઆત ભારત દેશની આઝાદી પહેલા ગણી શકાય. સૌપ્રથમ બ્રાસપાર્ટ ઉદ્યોગની સ્થાપના ૧૯૪૪-૪૫ના સમયગાળામાં થઈ અને ત્યારબાદ તબક્કાવાર ૧૯૫૬-૫૭ માં તેનો

વિકાસ થયો. જામનગરમાં બ્રાસપાર્ટ ઉદ્યોગની સ્થાપના પહેલા મોલ્ડિંગ પાવડરમાંથી બનતા બટન બનાવવાનો ઉદ્યોગ ચાલતો હતો. બ્રાસપાર્ટ ઉદ્યોગના વિકાસમાં ખાસ કરીને સુથાર જ્ઞાતિનું મહત્વનું યોગદાન રહેલ છે. આમ બ્રાસપાર્ટ ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઝડપી થયો છે.

## <u>જામનગરમાં બ્રાસપાર્ટસમાં જુદા જુદા પાર્ટસનું થતું ઉત્પાદન :-</u>




## આલેખની સમજૂતી :-

ઉપરોક્ત આલેખમાં જામનગરમાં ઉત્પાદિત થતાં બ્રાસપાર્ટસનું ઉત્પાદન દર્શાવવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે ૫ પ્રકારના બ્રાસપાર્ટસનું ઉત્પાદન મોટાં પ્રમાણમાં થાય છે. જેમાં (૧) ઑટોમોબાઇલ અને સાયકલ ટ્યુબવાલ – ૩૫%, (૨) બિલ્ડિંગ હાર્ડવેર – ૨૫%, (૩) સેનિટરી અને બાથરૂમ ફીટીંગ – ૧૫%, (૪) પ્રેસીજન કોમ્પોનેન્ટ – ૫%,અને (૫) અન્ય – ૨૦% ઉત્પાદન કરવામાં આવે છે. જેમાં સૌથી વધારે ઑટોમોબાઇલ અને સાયકલ ટ્યુબવાલ- ૩૫% પાર્ટસનું ઉત્પાદન થાય છે. જ્યારે સૌથી ઓછું પ્રેસીજન કોમ્પોનેન્ટ- ૫% જેટલું ઉત્પાદન થાય છે. બિલ્ડિંગ હાર્ડવેરમાં મુખ્યત્વે દરવાજા અને બારીના નકુષા, સ્ટોપર, હેન્ડલ વગેરેનો સમાવેશ

કરવામાં આવે છે. આમ, ગુજરાતમાં સૌથી વધારે બ્રાસપાર્ટસનો વિકાસ જામનગરમાં થયેલ છે તેમ જાણી શકાય.

## બ્રાસપાર્ટ્સમાં ઉત્પાદન પ્રક્રિયા :-




જામનગર બ્રાસપાર્ટસ ઉદ્યોગમાં ઉત્પાદન પ્રક્રિયાના પ્રથમ સોપાનમાં કાસ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં બ્રાસસ્ક્રેપને ઓગાળવામાં આવે છે. તે માટે બ્રાસસ્ક્રેપ ૧૬૦૦ ડિગ્રી સે. તાપમાને ફાઉન્ડ્રીમાં પિગળવવામાં આવે છે અને આજ સમયે તેને ઢાળીને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. આ બ્રાસસ્ક્રેપને ઢાળીને તેનું અંતિમ સ્વરૂપ બ્રાસ વાયર/રોડનું આપવામાં આવે છે. આ ઢાળેલા વાયરને જુદી જુદી મશીનિંગ પ્રક્રિયા જેવી કે ડ્રોઈંગ, કટિંગ, મિલિંગ, ડ્રિલિંગ, થ્રેડીંગ, બરનીશિંગમાં લઈ જવામાં આવે છે. મશીનિંગ પ્રક્રિયા જોબ સ્પેશિફિક હોય છે. તેને જુદી જુદી મશીનિંગ પ્રક્રિયામાંથી પસાર કર્યા પછી પ્લેટિંગ શોપમાં ઇલેક્ટ્રો પ્લેટિંગ માટે મોકલવામાં આવે છે. કેટલાક પ્લેટિંગ ઓપરેશન જામનગરમાં જ થાય છે. જેમાં

નિકલ પ્લેટિંગ, ઝીંક પ્લેટિંગ, કોપર પ્લેટિંગ, ગોલ્ડ પ્લેટિંગ, સિલ્વર પ્લેટિંગ, વગેરે. પ્લેટિંગ પ્રક્રિયા ગ્રાહકોની જરૂરિયાત મુજબ કરવામાં આવે છે. અને તે બ્રાસપાર્ટસનું અંતિમ સ્વરૂપ છે.

## તારણો :-

(૧) જામનગરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગ ઘણો જૂનો અને વિકાસ પામેલો ઉદ્યોગ છે.

(૨) જામનગરમાં ઑટોમોબાઇલ અને સાયકલ ટ્યુબવાલનું ઉત્પાદન સૌથી વધારે થાય છે.

(૩) જામનગરમાં ઉત્પાદન પ્રક્રિયામાં પ્લેટિંગની પ્રક્રિયા વધારે જોવા મળે છે.

## સંદર્ભસૂચિ :-

Faldu, R. (2018, June). Study Of Marketing Challenges Faced by Extrusion Companies in Brass Part Industry. *Indian Journal of Research, 7*(6), 113-115.

Pandya, D., & Ghumra, J. (2016). Effect of factory work on Health of Workers in Brass-Industry- A pilot study. *International Journal of Recent and Futuristic Ayurveda Science, 1*(1), 1-7.

Selvendran, S. (2018). Impact GST on Brass Vessel Production : Special Reference To Nillai Area In Dindigul City. *International Journal Of Engineering Research and Modern Eduction, 3*(2), 17-19.

Solanki, S. (2010). Globalization and its Impact on the Jamnagar Brass Part Industry. *NIET Journal Of Management*, 21-27.

- MSME REPORT- 2015-16
- MSME REPORT- 2016-17
- www.msme.gov.in